પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૧૨ | ૧૨ ઓક્ટોબર, ૨૦૨૧, મંગળવાર; આસો સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજૌરીમાં અથડામણમાં પાંચ જવાનો શહીદ

**જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ગતીવિધિઓ તેજ બની : સેના દ્વારા સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું, બાંદીપોરામાં આતંકવાદીઓના ચાર મદદગારોની ધરપકડ કરી લેવામાં આવી**



શ્રીનગર, તા.૧૧

જમ્મુ-કાશ્મીરના પૂંછ સેક્ટરના રાજૌરીમાં ફરી એક વાર સુરક્ષાબળ અને આતંકીઓ વચ્ચે અથડામણ થઈ છે. દુઃખદ વાત એ છે કે, આ અથડામણમાં સેનાના પાંચ જવાનો શહીદ થયા હોવાના સમાચાર સામે આવ્યા છે. કહેવાય છે કે, શહીદોમાં એક જેસીઓ અને ચાર જવાન સામેલ છે. આ પહેલાં સોમવારે સવાહે અનંતનાગ અને બાંદીપોરામાં થયેલી અલગ અલગ અથડામણમાં બે આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા. હાલ સેના દ્વારા સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યુ છે. પ્રાપ્ત રિપોર્ટ્સ મુજબ, રવિવારે પોલીસે બાંદીપોરામાં આતંકીઓના ચાર મદદગારોની ધરપકડ કરી હતી. જ્યારે તેઓની કડક પૂછપરછ કરવામાં આવી ત્યારે ખુલાસો થયો કે, તેમનો એક સાગરીત આ જ વિસ્તારમાં છૂપાયેલો છે. આ લોકોએ થોડા જ દિવસો પહેલાં એક કાર ચાલકની હત્યા કરી હતી. એ પછી પોલીસે પૂછપરછ બાદ આતંકીઓના ઠેકાણાને ઘેરી લીધુ હતુ.

સુરક્ષાબળે જ્યારે સમગ્ર વિસ્તારને ઘેર્યો ત્યારે તેઓએ

● અનુસંધાન પાન-૭ પર

## અનંતનાગમાં અથડામણમાં બે આતંકવાદીનો ખાત્મો

**૩જી ઓક્ટોબરે શાળામાં ઘુસી ૨ શિક્ષકોની હત્યા કરનાર આતંકીને સેનાએ ઠાર કર્યો : સેના અને પોલીસની સંયુક્ત કાર્યવાહી**

શ્રીનગર, તા.૧૧

જમ્મુ અને કાશ્મીરના અનંતનાગમાં સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે મોડી રાતે શરૂ થયેલી અથડામણમાં સેનાના જવાનોએ બે આતંકીનો અત્યાર સુધીમાં ઠાર કર્યા છે.કાશ્મીર ઝોન પોલીસે જણાવ્યું કે અથડામણમાં પોલીસનો એક જવાન પણ ઘાયલ થયો છે જે હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. કાશ્મીર ઝોન પોલીસે જાણકારી આપતા જણાવ્યું કે અનંતનાગમાં ખગુંડ વેરીનાગ વિસ્તારમાં આતંકીઓની હાજરીની ભાળ મળતા જ ઈનપુટ પર જમ્મુ કાશ્મીર પોલીસ, સેના અને સીઆરપીએફએ સંયુક્ત ઘેરાબંધી અને સર્ચ અભિયાન શરૂ કર્યું. અભિયાન શરૂ થતા જ છૂપાઈ બેઠેલા આતંકીઓએ ટુકડી પર ફાયરિંગ કરવા માંડયું. સુરક્ષાદળોએ પણ જવાબી કાર્યવાહી કરી અને અથડામણ શરૂ થઈ. બાંદીપોરાના હાજિન વિસ્તારના ગુંડજહાંગીરમાં પણ સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે અથડામણ ચાલુ છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે વિસ્તારમાં બેથી ત્રણ આતંકીઓ છૂપાયેલા હોવાની આશંકા છે. જો કે ઓપરેશન ખતમ થયા બાદ વાસ્તવિક સંખ્યા ખબર પડી શકશે. વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે. યુપીના એક વ્યક્તિની મહત્વના પ્રતિષ્ઠાનોની સૂચનાઓ પાકિસ્તાન સ્થિત આતંકીઓ સાથે શેર કરવાના શકમાં રવિવારે જમ્મુથી પકડવામાં આવ્યો. અધિકારીઓએ જણાવ્યું કે જમ્મુ કાશ્મીર પોલીસના વિશેષ અભિયાન સમૂહે ગાંધીનગર વિસ્તારમાંથી તેને પકડ્યો.



● અનુસંધાન પાન-૭ પર

## લખીમપુર કાંડના વિરોધમાં મહારાષ્ટ્રમાં બંધનું એલાન

**મુંબઈમાં બેસ્ટની બસો પર પથ્થરમારો, બસ સેવા બંધ : ધારાવી, માનખુર્દ, શિવાજી નગર, ચારકોપ, ઓશિવારા, દેવનાર અને ઈનઓર્બિટ મોલ પાસે બસો પર હુમલા**

મુંબઈ, તા.૧૧

લખીમપુર કાંડના વિરોધમાં મહારાષ્ટ્ર સરકારે આજે રાજ્યમાં બંધનું એલાન કરેલું છે. ખૂબ જ શાંતિપૂર્ણ રીતે બંધનું પાલન કરાવવાનો દાવો કરવામાં આવ્યો છે પરંતુ આ બધા વચ્ચે તોડફોડની કેટલીક ઘટનાઓ પણ સામે આવી છે. મુંબઈમાં બસો પર પથ્થરમારા બાદ બેસ્ટ બસ સર્વિસ બંધ થઈ ગઈ છે.

હાલ મુંબઈમાં બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) બંધ કરી દેવામાં આવ્યું છે. કેટલીક જગ્યાઓએ તેની બસો પર પથ્થરમારાની ઘટના બની હતી. જાણવા મળ્યા મુજબ બેસ્ટની ૯ બસો જેમાંથી એક બસ લીઝ પર લેવામાં આવેલી તેને નુકસાન પહોંચ્યું છે. ધારાવી, માનખુર્દ, શિવાજી નગર, ચારકોપ, ઓશિવારા, દેવનાર અને ઈનઓર્બિટ મોલ પાસે બસો પર હુમલાની આ ઘટનાઓ બની હતી. બેસ્ટ બસોના પ્રશાસને પોલીસ સુરક્ષાની માગણી કરી છે

● અનુસંધાન પાન-૭ પર




## આત્મનિર્ભર ભારત સારો વિચાર, સારી યોજના : મોદી

**વડાપ્રધાને ઈન્ડિયન સ્પેસ અસોસિએશનની શરૂઆત કરી :દેશનો ઉદ્દેશ્ય નવાચારને ગ્લોબલ સેન્ટર બનાવવાનો છે, જે દ્વારા ભારતના ટેક્નોલોજીકલ નિપૂણતાને આધાર બનાવશે**

નવી દિલ્હી, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે 'ઈન્ડિયન સ્પેસ અસોસિએશન'ની શરૂઆત કરી હતી. તેમણે જણાવ્યું કે, ભારતમાં સ્પેસ સેક્ટર અને સ્પેસ ટેક્નોલોજીને લઈ ભારે મોટા ફેરફાર થઈ રહ્યા છે. ઈન્ડિયન સ્પેસ અસોસિએશન આ ફેરફારોની જ એક કડી છે. વડાપ્રધાને ઈસ્પાની રચનાને લઈ તમામ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી.



વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, ઈન્ડિયન સ્પેસ અસોસિએશનના ૪ ઉદ્દેશ્ય છે. તેમાં પહેલું છે નવાચાર માટે પ્રાઈવેટ સેક્ટરને સ્વતંત્રતા આપવી, બીજું એક પ્રવર્તક તરીકે સરકારની ભૂમિકા સુનિશ્ચિત કરવી, ત્રીજું યુવાનોને ભવિષ્ય માટે તૈયાર કરવા અને ચોથું સ્પેસ સેક્ટરનો વિકાસ સામાન્ય નાગરિકોના સાધન તરીકે કરવો.

વડાપ્રધાને જણાવ્યું કે, આપણો ઉદ્દેશ્ય નવાચારને ગ્લોબલ સેન્ટર બનાવવાનો છે. આ એક એવી રણનીતિ છે જે ભારતના ટેક્નોલોજીકલ એક્સપર્ટીઝને આધાર બનાવશે અને વૈશ્વિક વિકાસમાં વિશાળ ભૂમિકા ભજવશે. આત્મનિર્ભર ભારત ફક્ત એક અભિયાન નથી. તે એક વધુ સારો વિચાર અને વધુ સારી યોજના પણ છે જેનાથી ભારતના ઉદ્યોગ સાહસિકો અને યુવાનોના કૌશલ્યને વધારી શકાય અને ભારતને મેન્યુફેક્ચરિંગનું પાવરહાઉસ બનાવી શકાય.

## મહારાષ્ટ્રમાં પણ વિજસંકટ ઘેરું બન્યું

**કોલસાના અભાવે ૧૩ યુનિટ બંધ થયા : સવારે ૬ થી ૧૦ અને સાંજે ૬ થી ૧૦ વાગ્યા સુધી વીજળીનો વપરાશ ઘટાડવા ગ્રાહકોને અપીલ કરાઈ**

મુંબઈ, તા.૧૧

કોલસાની કમીને કારણે મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રીબ્યુશન કંપની લિમિટેડે વીજળીની આપૂર્તિ કરનાર વીજળી કેન્દ્રોના કુલ ૧૩ યુનિટને રવિવારે બંધ કરવા પડ્યા છે. તેના કારણે રાજ્યમાં ૩૩૦૦ મેગાવોટ વીજળીની આપૂર્તિ બંધ થઈ ગઈ છે. સ્થિતિ એવી છે કે ગ્રાહકોને ઓછી વીજળીનો ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવી રહી છે.

MSEDCLએ ગ્રાહકોને ડિમાન્ડ અને સપ્લાયને સંતુલિત કરવા માટે સવારે ૬થી ૧૦ અને સાંજે ૬થી રાત્રે ૧૦ કલાક સુધી વીજળીનો ઓછો ઉપયોગ કરવાની અપીલ કરી છે. ચંદ્રપુર, ભુસાવલ અને નાસિકની ૨૧૦-૨૧૦ મેગાવોટ, પારસ ૨૫૦ મેગાવોટ અને ભુસાવલ અને ચંદ્રપુરના ૫૦૦ મેગાવોટના એકમોને બંધ કરી દેવામાં આવ્યા છે. આ સિવાય પોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડના ૬૪૦ મેગાવોટના ૪ અને રતન ઈન્ડિયા પાવર લિમિટેડ (અમરાવતી)ના ૮૧૦ મેગાવોટના ૩ સેટ બંધ છે.

વર્તમાનમાં વીજળીની ડિમાન્ડ અને સપ્લાય વચ્ચે ૩૩૩૦ મેગાવોટના અંતરને ભરવા માટે ખુલ્લા બજારમાંથી વીજળી ખરીદવામાં આવી રહી છે. દેશભરમાં વીજળીની માંગ વધવાને કારણે વીજળીનું ખરીદ મૂલ્ય પણ વધી ગયું છે. ખુલ્લા બજારમાંથી ૧૩.૬૦ રૂપિયા પ્રતિ યુનિટના દરથી ૭૦૦ મેગાવોટ વીજળી ખરીદવામાં આવી રહી છે. રવિવારે સવારે રીયલ ટાઈમ ટ્રાન્જેક્શનથી ૯૦૦ મેગાવોટ વીજળી ૬.૨૩ રૂપિયા પ્રતિ યુનિટના દરે ખરીદવામાં આવી છે. આ ઉપરાંત, કોયના ડેમ તેમજ અન્ય નાના હાઈડ્રો પાવર પ્લાન્ટ અને બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોતો દ્વારા વીજળી આપવામાં આવી રહી છે. રાજ્યમાં વધતા તાપમાનને કારણે વીજળીની માંગમાં પણ વધારો થયો છે, જ્યારે કોલસાની અછત વધુ ઘેરી બની રહી છે.




